
# નગર પ્રવાહ...

ગાંધીનગર સમાચાર

કુડાસણ રેઈન ફોરેસ્ટ પાસે બોરમાંથી વહેતું પાણી કયારે બંધ થશે?



## @ગાંધીનગર

● સિનિયર સિટીઝન ડે અંતર્ગત મહેમદાવાદ સિનિયર સીટીઝન ફોર્મ અને શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિઓ રાજભવન ખાતે રાજયપાલ સાથે પરામર્શ કરશે.

- નજાહખાનમ સૈયદ

# ઉદ્યોગ સાહસિકતાની માનસિકતા કેળવવા બીબીએ કોલેજમાં વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન દ્વારા આજ રોજ 'ડેવલોપીંગ એન્ટરપ્રિન્યોરલ માઈન્ડસેટ' વિષય પર વર્કશોપ આયોજીત કરાયો હતો. આ વર્કશોપમાં ભારતના જાણીતા ઉદ્યોગપતિ વર્મોરા ગૃપના ચેરમેન પ્રકાશભાઈ વર્મોરા દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું. સાથે વર્મોરા ગૃપની સમગ્ર ટીમ પણ હાજરી રહી હતી. તેઓએ રોલ ઓફ એન્ટરપ્રિન્યોર એન્ડ લીડર વિષય પર મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાયક્રમના ભાગરૂપે એક ઉદ્યોગ સાહસિક બનવા કેવા પ્રકારનાં પ્રશ્નોનો સામનો કરવો પડે તેની ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી. તેઓએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે જો સમાજને કોઈ સારી ભેટ આપવી હોય તો ફકત ઉદ્યોગસાહસિકની જ ભેટ અપાય કારણ કે જયારે કોઈ વ્યકિત વસ્તુ કે પ્રોડકટ ખરીદે છે ત્યારે એવું જોવામાં આવતું નથી કે એ કોણે બનાવ્યું છે, કયાં બન્યું છે, કેવી રીતે બન્યું છે વગેરે વગેરે.





એટલે કે ઉદ્યોગસાહસિક રાષ્ટ્રનાં નિર્માણમાં ઉચ્ચ-નીચના ભેદભાવ વગર સર્વેનો વિકાસ સાધી શકાય છે. તદુપરાંત તેઓએ વિદ્યાર્થીઓને ફકત ઉદ્યોગ સાહસિક નહીં પણ એક સફળ નાગરિક બનવાની પણ શીખ આપી હતી.

વર્કશોપનાં બીજા વકત વર્મોરા પ્લાસટેક પ્રાઈવેટ લિમિટેડ વર્મોરા પ્લાસટેક પ્રાઈવેટ લિ.ના ડાયરેકટર રવિ વર્મોરાએ 'હાઉ કેન વી બીકમ ઈફેકટીવ એન્ડ પ્રોડકટીવ ઈન રીઅલ વર્લ્ડ' વિષય ઉપર વિદ્યાર્થીઓએ વાસ્તવિક જીવનમાં કેવી રીતે અસરકારક કામગીરી કરી અને કોર્પોરેટ ક્ષેત્રનાં એક સાથે અનેકવિધ કાર્યોમાં ઉદ્યોગ સાહસિકતાની સાથે સમતોલન કેળવવા ઉદ્યોગને વેગવંતો કરી શકે તેવું સમજાવ્યું હતું. તદઉપરાંત ઉદ્યોગ સાહસિકોએ કેવી રીતે સમય પાલન સાથે ઔદ્યોગિક પ્રવૃત્તિઓને કાર્યબદ્ધ રીતે ગોઠવવી તેની સમજ આપી હતી.

વર્મોરા ગૃપના પ્રમોટર હસમુખ મેવાડાએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે આવનાર વર્ષોમાં વર્મોરા કંપનીને ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં સ્થાન અપાવવું છે. આ ઉદાહરણ દ્વારા તેઓએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે તમારામાંથી અનેક વિદ્યાર્થીઓમાં ઘણા બધા ઉદ્યોગ સાહસિક બનવાના ગુણો છે જો તમે ફકત આત્મવિશ્વાસ અને સાહસિકતા કેળવશો તો આવનારી પેઢીને ભારતમાં બીજી અનેક ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓની ભેટ આપશો જ.

વર્કશોપનાં અંતિમ વકતા જેકિન ઠકકર, સીનીયર એચ.આર. હેડ વર્મોરા પ્રા.લિ. દ્વારા ઈમ્પોર્ટન્સ ઓફ સોશ્યલ એજયુકેશન ઈન પ્રોફેશનલ લાઈફ ઓફ એન્ટરપ્રિન્યોર વિષય પર વિદ્યાર્થીઓને ઉદ્યોગ સ્થાપવા માટે મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં શીખેલા તમામ વિષયોને પ્રેકટીકલી શીખીને અમલમાં મુકવા માર્ગદર્શન આપ્યું હતું તેમજ ઉદ્યોગ સાહસિક બનવા કટીબદ્ધ વિદ્યાર્થીઓએ તેમનામાં અનેક ગુણો વિકસાવવા આવશ્યક છે તેમ જણાવ્યું હતું.

આ વર્કશોપનું સંચાલન એન્ટર પ્રિન્યોરશીપ સેલના હેડ ડૉ. જયેશ તન્નાએ કર્યું હતું. વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્યા ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. તન્ના સહિત સમગ્ર પ્રાધ્યાપકો અને નોન ટીચીંગ સ્ટાફે ખુબ જ જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર સાહિત્ય સભાની કારોબારીની બેઠક મંત્રી સંજય થોરાતના યજમાનપદે યોજાઈ હતી. આ સભામાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તથા કવિ ભાગ્યેશ જહાએ ઉપસ્થિત રહી તેમની તાજી કાવ્ય રચના પ્રસ્તુત કરી ઉપસ્થિત તમામને રાજી કરી દીધા હતા.

● સે-૩-સી રીંગ રોડ પર આજે એક કાર સાથે મહિલા સ્કુટર સવારની ટકકર થઈ હતી. જેમાં મહિલાને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તાજેતરમાં સે-૬ના રીંગ રોડ પર પણ અકસ્માત સર્જાયો હતો તે જોતા સેકટરોના આંતરિક માર્ગો પણ ભયજનક બનતા જતા હોવાની પ્રતિતિ થઈ રહી છે.

● સે-૫-બી વસાહત મંડળના પ્રમુખ અંબુસિંહ ગોલ સેકટરમાંથી અન્યત્ર રહેવા જતા રહ્યા હોવાથી તેમણે પોતાને પ્રમુખપદેથી મુકત કરવા અપીલ કરી હતી. વસાહત મંડળે તેને માન્ય રાખી નવા પ્રમુખપદે કેસરીસિંહ બિહોલાની વરણી કરી છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## આજે ગાંધીનગર શહેર પૅન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર પૅન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧ ઑક્ટોબર ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સ્વસ્તિક કૉમ્પ્લેક્સ, બીજે માળ, સૅક્ટર-૨૨ ખાતે સાંજે ૪ કલાકે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા-વિચારણા કરવામાં આવશે. બેઠકમાં સર્વ પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચૂક ઉપસ્થિત રહેવું એમ આ અંગેની એક અખબારી યાદીમાં પ્રવરમંત્રી ડી પી સંઘાણી દ્વારા જણાવાયું છે.

## બ્રહ્મસમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

પરશુરામ ફાઉન્ડેશન પ્રેરીત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા બ્રાહ્મણ યુવક યુવતીઓ માટે પંચોલી દાદાના અધ્યક્ષસ્થાને ૭મું જીવનસાથી પસંદગી સંમેલન આગામી જાન્યુઆરી ૨૦૧૬માં યોજાશે. જેમાં સમાજના લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓએ ભાગ લેવા ઉમેદવારી નોંધાવવા માટેનું ફોર્મ સે-૩૦, સે-૨૨, સે-૨૧ ખાતેથી હોદ્દેદારો પાસેથી મેળવી ૧લી ડીસેમ્બર પહેલા ફોર્મ ભરી પરત કરવાનું રહેશે. જેથી પુસ્તિકામાં તેમનો સમાવેશ કરી શકાય.

## મિશન મંગલમ માટે મહિલા કન્સલટન્ટના ઈન્ટરવ્યુ પાછા ઠેલાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મિશન મંગલમ યોજના અંતર્ગત મહિલા કન્સલ્ટન્ટ અને સમાજ સંગઠકની જગ્યા ઉપરના ઈન્ટરવ્યુ મંજૂર થયા હતા. જે અંગેની જાહેરાત ૨૪મી સપ્ટેમ્બરના રોજ દરેક દૈનિક અખબારમાં આવી હતી. મહિલા કન્સલટન્ટ ઈન્ટરવ્યુ તા. ૧લી ઓકટોબરના રોજ તેમજ સમાજ સંગઠક ઈન્ટરવ્યુ તા. ૩ ઓકટોબરના રોજ રાખવામાં આવ્યા હતા. પરંતુ વહીવટી કારણોસર ઉપરોકત દર્શાવેલ તારીખે રાખેલ ઈન્ટરવ્યુ મોકુફ રાખવામાં આવ્યા છે. હવે પછી મહિલા કન્સલ્ટન્ટ ઈન્ટરવ્યુ ૧૨ ઓકટોબર તથા સમાજ સંગઠકના ઈન્ટરવ્યુ ૧૩મી ઓકટોબરના રોજ અગાઉ નિયત કરેલ સમય અને સ્થળે રાખવામાં આવ્યા છે.

# શહેરના એસ.ટી. ડેપો પાસે બસ-રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના એસ.ટી. ડેપોના ગેટ પાસે આજે બપોરના સુમારે બસ અને રીક્ષા વચ્ચે





અકસ્માત સર્જાયો હતો. રીક્ષા ચાલક અને પેસેન્જરને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

'સલામત સવારી એસ.ટી. અમારી' આ સ્લોગન જી.એસ.આર.ટી.સી. વિભાગ દ્વારા આપવામાં આવ્યું છે. પરંતુ એસ.ટી.ની મુસાફરી દિન પ્રતિદિન જોખમી બની રહી હોય તેવું મુસાફરોને લાગી રહ્યું છે. આજે બપોરના સુમારે એસ.ટી.ડેપોના આઉટ ગેટ પાસે જ અમદાવાદથી ખેરાલુ તરફ જતી બસ નં. જી.જે. ૧૮-વાય-૫૧૦૬ના ચાલકે માર્ગ પરથી પસાર થઈ રહેલી રીક્ષા નં. જીજે-૧૮-એ.ટી. ૫૧૯૫ને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જાતા રીક્ષામાં સવાર પેસેન્જર અને રીક્ષા ચાલકને ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. બપોરનો સમય હોવાથી અકસ્માતના સ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર એસ.ટી. વિભાગ દ્વારા તાજેતરમાં જ અકસ્માત અને ટ્રાફિક જામના દશ્યોને ધ્યાને લઈ ઈન-આઉટ ગેટ નક્કી કરવામાં આવ્યા છે. છતાં પણ બસના ચાલકો ઈન ગેટની જગ્યાએ આઉટ ગેટમાંથી જ પ્રવેશ કરે છે. પોતાની મનમાની ચલાવતા એસ.ટી.ના ચાલકો અંદર પ્રવેશવાનું હોવા છતા પણ બેફામ બસ હંકારતા હોય છે જેને પરિણામે નાના મોટા અકસ્માતો સર્જાય છે. અંદર પ્રવેશ માટે ઈનગેટ હોવા છતાં બીજા ગેટમાંથી પ્રવેશીને નિગમના નિયમનું ઉલ્લંઘન કરી રહ્યા હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

# કલાઘાટના કલાકારો કથ્થકની પ્રસ્તુતિ કરશે

ગાંધીનગર, તા.૩૦

કલાઘાટ સંસ્થાના કલાકારો દ્વારા કથ્થકની અવનવી કૃતિઓની અનોખી પ્રસ્તુતિ આગામી તા. ૨જી ઓકટોબરના રોજ સાંજે ૪ વાગે સીલ્વર જયુબીલી હોલ, માઉન્ટ કાર્મેલ સ્કુલ, સે-૨૧ ખાતે કરવામાં આવશે.

ગાંધીનગરના જાણીતા કલાકાર સુશ્રી જયતિ બ્રહ્મભટ્ટ દ્વારા છેલ્લા ચાર વર્ષથી કલાઘાટ સંસ્થાનું સંચાલન કરવામાં આવે છે. ઉપાસના સ્કુલ ઓફ પરફોર્મીંગ આર્ટસમાંથી માસ્ટર્સ ઈન પરફોર્મિંગ આર્ટસની પદવી પ્રાપ્ત કરનાર સુશ્રી જયતિ બ્રહ્મભટ્ટે જાણીતા ગુરૂજનો પંડિત બીરજુ મહારાજ, શ્રીમતી શાશ્વતી સેન તથા શ્રીમતી ઈશીરાબેન પરીખ પાસેથી કથ્થકની ગહન તાલીમ મેળવી છે. સુશ્રી જયતિ બ્રહ્મભટ્ટ દ્વારા સંચાલિત આ કલાઘાટ સંસ્થામાં વિવિધ વયજુથની બાળાઓ કથ્થકની ગહન તાલીમ મેળવી રહી છે. સંસ્થાની લગભગ ૨૨ જેટલી બાળાઓ અને સુશ્રી જયતિ બ્રહ્મભટ્ટ આગામી તા. ૨જી એકટોબરે યોજાનાર 'પ્રસ્તુતિ-૨૦૧૫' કાર્યક્રમમાં કથ્થકના કલાસીકલ અને સેમી કલાસીકલ ફોર્મ પર વિવિધ કૃતિઓ રજુ કરશે.

## ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા ઉત્તરઝોન વિભાગનું અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા ઉત્તર ઝોન વિભાગીય અધિવેશનનું આયોજન આગામી તા. ૨ઓકટોબરને શુક્રવારના રોજ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં શાળા સંચાલકો ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ આયોજીત અધિવેશનમાં ગાંધીનગર, અમદાવાદ ગ્રામ્ય, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી સહિત પાટણના શાળા સંચાલકો કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવશે. ૨જી ઓકટોબરના દિવસે સવારે ૮ કલાકથી પ્રારંભ થનાર કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ (પ્રમુખ ઉત્તર દસકોઈ કડવા પાટીદાર એજયુકેશન ટ્રસ્ટ-કુડાસણ) ઉદઘાટક તરીકે એમ.કે. ચૌધરી (પ્રમુખ અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર) જયારે તજજ્ઞ વકતા તરીકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા તેમજ જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

## સે-૫-બીમાં નવરાત્રિ સમિતિની બેઠક મળી

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૫-બીના મહાકાળી મંદિર ચોક ખાતે નવરાત્રિનું આયોજન કરવા માટે વિનાયક મિત્ર મંડળ તથા સે-૫-બી વસાહત મંડળની એક બેઠક રવિવારે યોજાઈ હતી. આ બેઠકમાં છેલ્લા ત્રણ વર્ષથી નવરાત્રિનું આયોજન થયું નહોતુ પરંતુ આ વર્ષથી પુનઃ યોજવા નક્કી કરવામાં આવ્યું છે. બેઠકમાં વસાહત મંડળના પ્રમુખપદે કેસરીસિંહ બિહોલાની વરણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત નવરાત્રિ સમિતિના પ્રમુખપદે પ્રેમલસિંહજી ગોલ, ઉપપ્રમુખ પદે રમેશભાઈ રાવળ, ભાવેશભાઈ બારોટ અને ઘનશ્યામભાઈ ચૌહાણ, મંત્રી પદે ભરતજી ઠાકોર, ખજાનચીપદે સુરેશભાઈ વ્યાસની નિમણુંક કરાઈ હતી. નવરાત્રિ સમિતિના કારોબારી સભ્યો તરીકે પ્રદિપસિંહ વાઢેર, નિરવ ગઢવી, દિપક શાહ, જયમીન બારોટ, ગાંડાલાલ પરમાર, કલ્પેશ પંચાલ, ચિરાગ દરજી, અક્ષય પંચાલ, વિશાલ પરમાર, જયેશ હળપતિ, શિતલભાઈ છાયા, સેંધાભાઈ પ્રજાપતિ, સુરેન્દ્રસિંહ વાઘેલા, આશિષભાઈ ફુલપગાર, ભુપેશભાઈ પટેલ અને હર્ષદભાઈ પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

# કુડાસણ રેઈન ફોરેસ્ટ પાસે બોરમાંથી વહેતુ પાણી કયારે બંધ થશે?

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર કોબા માર્ગ પર આવેલા કુડાસણ વિસ્તારમાં સ્થિત પાણીના બોરમાંથી પુષ્કળ પ્રમાણમાં પાણીનો બગાડ થાય છે. પાણીના બોરની આસપાસની ખુલ્લી જગ્યામાં ગંદા તળાવનું નિર્માણ થયું છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે તેથી વિસ્તારના રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. આ મસમોટું ગંદા તળાવનું સામ્રાજય ડેન્ગ્યુ અને મલેરીયાને આમંત્રણ આપતું હોય તેવું લાગી રહ્યું છે.

રાજય સરકાર દ્વારા પાણી બચાવવા માટે અનેક કાર્યક્રમો કરવામાં આવે છે. રાજયની પ્રજાને જાગૃત કરવા



અને પાણી બચાવવા માટે તંત્ર દ્વારા પણ સુંદર મેસેજથી સમજાવવામાં આવે છે. 'સેવ વોટર'ના નારા લગાવતું સરકારી તંત્ર જાણે કાગળ પર જ મોટી મોટી વાતો કરી રહ્યું હોય તેવું લાગે છે. ગાંધીનગર કોબા માર્ગ પર આવેલા ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા બોરમાંથી કેટલાય દિવસોથી સતત અવિરત પાણીનો પ્રવાહ ચાલુ છે. જેના લીધે આસપાસ મોટું તળાવ જેવું દશ્ય સર્જાયું છે તથા ગંદકી ફેલાઈ છે અને આ ગંદકીના લીધે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરમાં અત્યારે ડેન્ગ્યુ, મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગોએ માથુ ઉંચકયું છે ત્યારે આ વિસ્તારમાં પણ રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે આથી તંત્ર ત્વરીત બોરમાંથી વહી જતું પાણી બંધ કરાવે તેવી નગરજનોની માંગણી અને લાગણી છે.

# રાંધેજા સ્વાગત હોટલ પાછળ જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક રાંધેજા ખાતે સ્થિત સ્વાગત હોટલની પાછળ ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે આજે સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડયો હતો. પોલીસે દરોડો પાડીને રૂ. ૭૭ હજારના મુદ્દામાલ સાથે ત્રણ જુગારીઓની ધરપકડ કરી લીધી હતી. જયારે એક શખ્સ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પેથાપુર પોલીસે કાયદેસરનો ગુનો નોંધીને

**રૂ. ૭૭ હજારના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ : એક શખ્સ વોન્ટેડ**

તપાસ શરુ કરી છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. ડી.બી. વાળા તથા તેમની ટીમે આજે સાંજના અરસામાં બાતમીને આધારે રાંધેજા સ્થિત સ્વાગત હોટલ પાછળના ખુલ્લા ખેતરમાં દરોડો પાડયો હતો. ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શખ્સો પૈકી ત્રણને પકડી પાડવામાં આવ્યા હતા. જયારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. પોલીસે પોર ગામના ચંદ્રકાન્ત દેવા પરમાર, પોપટ કેશા ઠાકોર અને રાંધેજાના મહેશ કનુ પટેલની ધરપકડ કરી લેવામાં આવી છે જયારે નિલેશ કનુ પટેલ વોન્ટેડ છે. પોલીસે રૂ. ૫૫૫૦ રોકડા તથા ત્રણ મોબાઈલ અને બે વાહનો મળી કુલ રૂ. ૭૭,૦૫૦ના મુદ્દામાલ સાથે જુગારીઓની ધરપકડ કરી ચારેય સામે ગુના દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

## જીઈબી કોલોનીમાં મેટલના ઢગલાથી રાહદારીઓ પરેશાન

જીઈબી કોલોનીમાંથી પેથાપુર ગામમાં જવાના રસ્તા ઉપર તથા જીઈબી ક્રિકેટ ગ્રાઉન્ડ અને નવરાત્રી ગ્રાઉન્ડ પરથી રસ્તો બનાવવા માટે મેટલ - પથ્થર કેટલાય સમયથી ઢગલા કરીને રાખેલ છે. રસ્તાનું કામ શરૂ થતું નથી અને રાહદારીઓને મેટલ પરથી પસાર થવું પડે છે. જેથી બાળકોને તથા આ વિસ્તારના વસાહતીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે.નવરાત્રિ નજીક છે ત્યારે નવરાત્રિ મેદાન પર મેટલ હોવાથી નવરાત્રિના આયોજકો વિમાસણમાં રહેલ છે તો સત્વરે આ રસ્તાનું કામ શરૂ કરાવવાની લોક લાગણી વસાહતીઓએ વ્યકત કરી છે.


## અવસાન નોંધ

મેહુલ દવેના પિતા સ્વ. દિલીપકુમાર રમણિકલાલ દવેનું તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદ્ગતનું બેસણું તેમના નિવાસસ્થાન બ્લોક નં. ૧૦૫, સ્વરાજ કોમ્પ્લેક્ષ, સેકટર-૪-એ ખાતે તા. ૧-૧૦-૨૦૧૫ના રોજ સવારે ૯ કલાકે રાખવામાં આવ્યું છે.

# આવતી કાલે ગાંધી-ગીતો ભજનોનો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...' યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર વિશ્વ જેના જન્મ દિવસને વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવે છે તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૬મી જન્મજયંતિએ ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા સતત આઠમા વર્ષે ટાઉનહોલ સામે ગાંધી ગીતો-ભજનોનો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...' યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા. ૨જી ઓકટોબર શુક્રવારે સવારે ૬.૧૫ કલાકે ટાઉનહોલ સામે ખુલ્લાં આકાશ નીચે કુદરતના સાંનિધ્યમાં યોજાશે જેમાં ગુજરાતના જાણીતા કલાકારો પરેશ નાયક, માલિની પંડિત નાયક તેમજ વૃંદ દ્વારા ભજનો-ગીતો પ્રસ્તુત કરાશે.



કલા ગુર્જરી સંસ્થા દ્વારા ગાંધીનગરમાં છેલ્લા આઠ વર્ષથી સુર અને શબ્દથી પૂ. ગાંધીબાપુને ભાવ વંદના અર્પણ કરાય છે આ

**ટાઉનહોલ સામેના ખુલ્લા મેદાનમાં જાણીતા કલાકારો પરેશ નાયક-માલિની પંડિત નાયક તથા વૃંદ દ્વારા ભજનો-ગીતો પ્રસ્તુત કરાશે : કલાગુર્જરી દ્વારા સતત આઠમા વર્ષે આયોજન**

કાર્યક્રમમાં સવારે ૬ વાગ્યાથી નગરજનો સ્વયંભૂશિસ્ત સાથે સફેદ વસ્ત્રોની સાદગીમાં સ્વચ્છ થઈ પોતાનું સ્થાન ગ્રહણ કરી લે છે. પૂ. બાપુના વિચારો અબાલવૃધ્ધ સૌના હૃદયમાં શાશ્વત છે તેનો પુરાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતો વિશાળ જનસમુદાય છે. પર્યાવરણની જાળવણી માટે પૂ. બાપુએ જીવનભર કાગળની નાની ચબરખી પણ કોરી હોય તો ઉપયોગ કર્યા વગર ફેંકી નહોતી. આ વિચારને અપનાવતા કલાગુર્જરી સંસ્થા દ્વારા નિમંત્રણ કાર્ડની ઔપચારિકતા પણ કરવામાં આવતી નથી. જો કે નિમંત્રણ કાર્ડ વગર પણ આ કાર્યક્રમમાં ગાંધીજી પ્રત્યે આદરભાવ ધરાવતા સુજ્ઞ નાગરિકો પૂ. બાપુને ગમતા ભજનો-ગીતોનો આસ્વાદ માણવા સમયસર ઉપસ્થિત થઈ જાય છે.

આ વર્ષે આ કાર્યક્રમનું મહત્વ વધી જાય છે કારણકે ગાંધીજીએ ૧૯૧૫ની સાલમાં દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફરીને જાહેર જીવનની શરૂઆત કરી હતી જેને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે આ ઐતિહાસિક ઘટનાની ઉજવણી થઈ રહી છે તેવા સમયે પૂ. બાપુને ભાવવંદના અર્પણ કરવાનું મહત્વ સવિશેષ રહે તે સ્વાભાવિક છે. દર વર્ષની માફક આ વર્ષે પણ કાર્યક્રમ સ્થળે ગાંધી-સાહિત્ય અને ચરખા વગેરેનું વેચાણ પણ કરવામાં આવશે.



ગાંધીનગરના પાદરે કુડાસણ સ્થિત રાધે રેસીડેન્સી ખાતે ગણેશ મહોત્સવનું આયોજન વસાહતીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. દસ દિવસની ઉજવણી બાદ ભાવપૂર્વક ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. સુમીત પ્રવિણભાઈ પરમાર, ઉ.વ.૨૧
- સ્વ. પરબતજી ઉદાજી ઠાકોર, ઉ.વ. ૩૩
- સ્વ. ગુણવંતભાઈ મોહનલાલ વઘાણી, ઉ.વ. ૭૭
- સ્વ. નંદલાલ ચેલારામ કેહાણી, ઉ.વ. ૬૫